### હાઇલેવલ બ્રિજના નિર્માણ દરમિયાન ગર્ડર ગોઠવવા જતાં સ્ટેજિંગ ધમાકાભેર તૂટી પડ્યું હતુ

**આ ઘટનામાં નિષ્પક્ષ તપાસ જરૂરી**

# વલસાડમાં બ્રિજની ઘટનામાં R & B પાસે રિપોર્ટ મંગાયો

**ઘટનાની** ખાતાકીય તપાસ સુરત આર એન્ડ બી વિભાગને સોંપતા ટીમના વલસાડમાં ધામા

**પોલીસે** જાણવા જોગ ફરિયાદ લીધી, જો ઘટનામાં નેગ્લેજન્સી સાબિત થાય તો ગુનો દાખલ થઇ શકે

**તપાસ** પણ સુરતના અધિકારી પાસે અને જેની સામે તપાસ થશે એ કોન્ટ્રાક્ટર પણ સુરતનો જ હોવાથી પારદર્શિતા સામે સવાલો ઉઠી રહ્યા છે



વલસાડ : વલસાડના કૈલાસ રોડ પારડી સાંઢપોર ગામમાં ઔરંગા નદી પર બની રહેલા હાઈલેવલ બ્રિજના નિર્માણ દરમિયાન તેના ગર્ડર ઉપર ગોઠવવા જતાં સ્ટેજિંગ ધમાકાભેર તૂટી પડ્યું હતુ. જેમાં પાંચ મજૂર ઘાયલ થયા હતા. આ ઘટનાને લઈ સમગ્ર વહીવટી તંત્ર દોડતું થયું હતુ. આ ઘટનાની ખાતાકીય તપાસ સુરત આર એન્ડ બી વિભાગના ઈજનેરને સોંપાઈ છે. તો બીજી તરફ આ ઘટનામાં પોલીસે બનાવની જાણવા જોગ નોંધ લઈ તેનો રિપોર્ટ આર એન્ડ બી પાસે મંગાવ્યો છે.

વલસાડ ઔરંગા નદીનો હાઈ લેવલનો આ બ્રિજ આર એન્ડ બી વિભાગની દેખરેખ હેઠળ સુરતની એજન્સી રોયલ ઈન્ફ્રા એન્જિનિયરીંગ પ્રા.લિ. દ્વારા નિર્માણ પામી રહ્યો હતો. આ બ્રિજની ગત રોજ બનેલી દુર્ઘટના ઈજનેરની હાજરીમાં જ બની હોવાનું આર એન્ડ બી ના એક નિવેદન પરથી ફલિત થયું હતુ, પરંતુ આ ઘટના બની ત્યારે ત્યાં કોઈ જવાબદાર ઈજનેર હતા કે નહી, તેની સામે પણ સવાલ ઉઠી રહ્યા છે. આટલી મોટી કામગીરી કરવાની હોય ત્યારે આર એન્ડ બી વિભાગના ઈજનેર પણ અહીં હતા કે નહી. તેમજ તેમણે આવા સમયે નિરિક્ષણ કરવાનું હોય કે નહી અને કરવાનું હોય તો તેમણે તેનું નિરિક્ષણ કર્યું કે નહી એવા અનેક સવાલો પણ ઉઠી રહ્યા છે. ત્યારે આ તમામ સવાલોના જવાબ માટે તેમજ ઘટનામાં કોણ જવાબદાર છે, એ માટે વલસાડ જિલ્લા કલેક્ટરે ઘટનાની તપાસ સુરત આર એન્ડ બી વિભાગને સોંપી છે. તેમના દ્વારા ઘટનાનો રિપોર્ટ તૈયાર કરાશે.

આ તપાસ પણ સુરતના અધિકારી પાસે અને જેની સામે તપાસ થશે એ કોન્ટ્રાક્ટર પણ સુરતનો જ છે. ત્યારે તેની પારદર્શિતા સામે સવાલો ઉઠી રહ્યા છે. આ ઘટના સંદર્ભે પોલીસે પણ ઘાયલોની જાણ થતાં જાણવા જોગ નોંધ કરી છે. ત્યારબાદ પોલીસે આ સંદર્ભે ઘટના કોઈ નેગ્લેજન્સી (બેદરકારી) કારણે થઈ હોય તો એની તપાસ કરી ગુનો દાખલ કરવાની તૈયારી દર્શાવી છે.

જોકે, તેનો નિર્ણય પણ માર્ગ મકાન વિભાગના રિપોર્ટના આધારે જ થશે. ત્યારે આખા મામલે હાલ કેટલી નિષ્પક્ષ તપાસ થાય એ જોવું રહ્યું.

### પુલની કામગીરીમાં કોઇ નિરિક્ષણ જ થતું ન હોવાનું જોવા મળે છે

દક્ષિણ ગુજરાતમાં માર્ગ મકાન વિભાગની લાલિયાવાડી કોઇ નવાઇની વાત નથી. વલસાડમાં આવી ઘટના અગાઉ પણ બની હતી. તેમજ નવસારી જિલ્લામાં પણ આવી અનેક ઘટના બની હતી. જેમાં વલસાડમાં એક અને નવસારીમાં એક એમ બે બ્રિજ બન્યા બાદ બંધ કરી દેવા પડ્યા હતા. અન્ય બ્રિજોની હાલત પણ કંઇ સારી નથી. જેનું મુખ્ય કારણ માર્ગ મકાન વિભાગની લાલિયા વાડી હોવાનું ફલિત થઇ રહ્યું છે. જે કોન્ટ્રાક્ટરો દ્વારા આવી લાલિયાવાડી કરાય એમને બ્લેક લિસ્ટ તો કરવા જ જોઇએ, પરંતુ તેમનું લાયસન્સ પણ રદ કરી દેવું જોઇએ. જોકે, તંત્ર દ્વારા આવા કોઇ પગલાં ભરાતા જોવા મળ્યા નથી.

### બ્રિજના પેમેન્ટમાં રૂપિયા 15 લાખની લાંચ માંગનારા પકડાયા હતા

વલસાડ જિલ્લા પંચાયત હસ્તકના એક બ્રિજના પેમેન્ટમાં ઇજનેર નિલય નાયક અને આસિસ્ટન્ટ ઇજનેર અનિરૂદ્ધ ચૌધરી રૂપિયા 15 લાખની લાંચમાં પકડાયા હતા. જેના પરથી સાબિત થાય કે બ્રિજના નિર્માણમાં કેટલી મોટી કટકી મળતી હોય શકે છે. એમણે આ રકમ બ્રિજના સમારકામના પેમેન્ટ માટે જ માંગી હતી. ત્યારબાદ એ બ્રિજ લોકો માટે બંધ કરાયો હતો. ત્યારે મોટા મોટા બ્રિજની આવી હાલત વલસાડ જિલ્લામાં જોવા મળી છે. ભૂતકાળની ઘટનાનું સતત પુનરાવર્તન થઇ રહ્યું છે. તે ચિંતાજનક બાબત છે.

# આધાર કાર્ડ કૌંભાડમાં સસ્પેન્ડેડ ઓપરેટરોની ભૂમિકાની તપાસ જરૂરી

**રાજકીય** હોદ્દેદારથી લઈ વરિષ્ઠ ઓપરેટર સુધીના નામોએ ઉઠાવ્યા સવાલ

નવસારી : નવસારી જિલ્લામાં આધાર કાર્ડ સંબંધિત ગેરરીતિઓ બહાર આવતા કલેક્ટર દ્વારા તાત્કાલિક કાર્યવાહી હેઠળ 13 આધાર ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને મોટાભાગના આધાર કેન્દ્રો પર તાળા મારી દેવામાં આવ્યા હતા. આ ઘટનાએ વહીવટી તંત્રથી લઈને સામાન્ય નાગરિકોમાં ચકચાર મચાવી છે. હવે ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાને ધ્યાનમાં લેતા, આ સસ્પેન્ડેડ ઓપરેટરોમાંથી કોની કેવી ભૂમિકા રહી તે અંગે પોલીસે વિસ્તૃત અને દિશામૂલક તપાસ કરવી અત્યંત જરૂરી બની છે.

આ 13 ઓપરેટરોમાં કેટલાક નામ તો ખાસ ચર્ચાનો વિષય છે. હરેશ રાજ્યગુરુ જે વર્ષોથી જિલ્લા કક્ષાનું આધાર કેન્દ્ર ચલાવતો હતો. તેને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. લાંબા સમયથી નિખાલસ કામગીરીનો ઈતિહાસ ધરાવતા વ્યક્તિનું નામ યાદીમાં આવવું અનેકને આશ્ચર્યચકિત કરતું રહ્યું છે.

તે જ રીતે ગ્રામ્ય મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા શાહનવાજ, જે વર્ષોથી આધાર કામગીરી સંભાળતા હતા, તેમને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સરકારી તંત્રમાં ટેક્નિકલ કાર્ય સંભાળતા કર્મચારીનું નામ પણ તપાસને નવી દિશામાં લઈ જાય છે. આથી હાલની પરિસ્થિતિ માત્ર આધાર કાર્ડ ગેરરીતિ પૂરતી સીમિત નથી રહી. તે વ્યવસ્થાની વિશ્વસનીયતા, રાજકીય પ્રભાવ અને સાયબર સુરક્ષા જેવી ગંભીર ચિંતાઓને પણ સ્પર્શી રહી છે. પોલીસ તપાસનો વ્યાપ વધારવામાં આવે તો આ કાંડનો સાચો ઘેરાવ અને તેના પાછળનાં તાંતણાઓ બહાર આવવાની પૂરી સંભાવના છે.

### સસ્પેન્ડેડે ઓપરેટર બીલીમોરા શહેર ભાજપના પ્રમુખ નિલેશ ટેલર

રાષ્ટ્રીય રાજકીય પક્ષના હોદ્દેદારનું નામ સસ્પેન્ડ થયેલી યાદીમાં આવતાં રાજકીય વર્તુળોમાં પણ હલચલ મચી ગઈ છે. જેમાં બીલીમોરા શહેર ભાજપના પ્રમુખ નિલેશ ટેલર જે ઓપરેટર હતો. તેને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આથી પ્રશ્ન ઊભો થાય છે કે ગેરરીતિઓ માત્ર ટેક્નિકલ ભૂલો હતી કે તેમાં પ્રભાવશાળી લોકો સુધીનાં તાર પણ જોડાયેલા છે? વહીવટી સૂત્રોના મતે, પોલીસ તપાસ ઊંડાણથી થાય તો આધાર કાર્ડ સાથે પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ અને પાસપોર્ટ જેવી અન્ય ઓળખપત્ર વ્યવસ્થાઓમાં પણ ગેરપદ્ધતિઓના તાર મળી શકે, તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

# લોક સંવાદમાં જર્જરિત ટાંકી, રસ્તાના કામ સહિતના મુદ્દા ચર્ચાયા

**નવસારી** જિલ્લા કલેક્ટર દ્વારા ગોયંદી ભાઠલા ગામે લોક સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

**ગ્રામજનોએ** ગામના વિકાસ તેમજ સ્થાનિક સ્તરના વિવિધ પ્રશ્નો કલેક્ટર સમક્ષ રજૂ કર્યા



બીલીમોરા : નવસારી જિલ્લા કલેક્ટર શ્રીપ્રા આગ્રે દ્વારા ગોયંદી ભાઠલા ગામે લોક સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલેક્ટરે ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી તેમના પ્રશ્નો અને સમસ્યાઓ સાંભળ્યા હતા. ગ્રામજનોએ ગામના વિકાસ તેમજ સ્થાનિક સ્તરના વિવિધ પ્રશ્નો કલેક્ટર સમક્ષ રજૂ કર્યા હતા.

લોક સંવાદ દરમિયાન ગોયંદી ભાઠલા ગામના ગ્રામજનોએ પોતાના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા અને કલેક્ટરનું ધ્યાન દોર્યું હતું. ગામમાં આવેલી પીવાના પાણીની ટાંકી અત્યંત જર્જરિત હાલતમાં હોવાથી તેને તાત્કાલિક નવી બનાવવાની માંગ કરવામાં આવી હતી. હાલ ગામમાં ચાલી રહેલા રસ્તાના કામમાં ગુણવત્તા જળવાતી નહીં હોવાના અને સ્થાનિકો પાસેથી વેઠ ઉતારવામાં આવતી હોવાનો ગંભીર મુદ્દો રજૂ કરાયો હતો. ગામમાં હજુ સુધી નવી આંગણવાડીનું નિર્માણ ન થતાં નાના બાળકોના શિક્ષણ અને પોષણ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. અનેક મહિલા શ્રમિકોના જોબકાર્ડ સમયસર ન બનતા હોવાથી તેમને મનરેગાના કામમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ગામની ખેતીની જમીન ઊંચી હોવાથી હાલમાં બનેલી નહેર નીચી રહી ગઈ છે, જેના કારણે ખેતરો સુધી પૂરતું પાણી પહોંચી શકતું નથી. જાહેર માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં રખડતાં ઢોરને કારણે થતી અસુવિધા અને અકસ્માતનો પ્રશ્ન પણ ઉઠાવવામાં આવ્યો હતો. હાલમાં ચાલતા ડેમના કામને કારણે ભૂતબાપજીના મંદિર તરફ જતો રસ્તો બિસ્માર થયો હોવાથી તેને ફરીથી બનાવવાની રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર શ્રીપ્રા આગ્રેએ ગ્રામજનોના પ્રશ્નો બાબતે ઉપસ્થિત સંબંધિત ખાતાના અધિકારીઓને તાત્કાલિક યોગ્ય નિરાકરણ લાવવા અને નિશ્ચિત સમયમર્યાદામાં રિપોર્ટ રજૂ કરવા માટે સૂચનાઓ આપી હતી. કલેક્ટરની આ ત્વરિત અને હકારાત્મક કાર્યવાહીથી ગ્રામજનોએ સંતોષ વ્યક્ત કર્યો હતો. આ લોક સંવાદ કાર્યક્રમથી વહીવટી તંત્ર અને ગ્રામજનો વચ્ચેના સેતુ વધુ મજબૂત બન્યો હતો. આ લોકસંવાદ કાર્યક્રમમાં ગામના સરપંચ પ્રશાંત પટેલ, ડો. સનમ પટેલ, વિનોદ પટેલ, જીગર પટેલ તેમજ ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# વેપારીઓ સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરશે તો લાઈસન્સ રદ

**નવસારીમાં** પ્લાસ્ટિકના ઉપયોગને અટકાવવા NMC દ્વારા ક્લોથ બેગ વેન્ડિંગ મશીન સ્થાપિત કરવામાં આવ્યા



નવસારીઃ નવસારી મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૦૨૫' અંતર્ગત શહેરને સિંગલ-યુઝ પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે મહત્વપૂર્ણ અને વ્યાવહારિક પહેલ કરવામાં આવી છે. શહેરમાં પ્લાસ્ટિકના ઉપયોગને અટકાવવા અને નાગરિકોને પર્યાવરણને અનુકૂળ વિકલ્પ અપનાવવા પ્રોત્સાહિત કરવા NMC દ્વારા ક્લોથ બેગ વેન્ડિંગ મશીન સ્થાપિત કરવામાં આવ્યા છે.

આ વેન્ડિંગ મશીનો હાલ દુધિયા તળાવ શાકભાજી માર્કેટ, વેરાવળ માર્કેટ તથા વિઠ્ઠલ મંદિર પાસે મૂકવામાં આવ્યા છે. નાગરિકો માત્ર 10 નો સિક્કો નાખીને આ મશીનોમાંથી કાપડની થેલી મેળવી શકે છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને સરળતાથી ક્લોથ બેગ ઉપલબ્ધ કરાવી પર્યાવરણ સંરક્ષણના સંદેશને જનમાનસ સુધી પહોંચાડવાનો છે.

નવસારી મહાનગરપાલિકાએ સાથે સાથે સખત ચેતવણી પણ જાહેર કરી છે કે સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જાહેર હિત અને પર્યાવરણના રક્ષણને ધ્યાનમાં રાખી મહાનગરપાલિકાએ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે કે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ પછી પણ જે વેપારીઓ કે દુકાનદારો સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા પકડાશે, તેમનું ગુમાસ્તધારા લાઈસન્સ રદ કરવામાં આવશે.

નવસારી મહાનગરપાલિકાએ શહેરના તમામ વેપારીઓ, દુકાનદારો તથા નાગરિકોને આ ઝુંબેશમાં સક્રિય સહકાર આપવા અપીલ કરી છે. સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો સંપૂર્ણપણે ત્યાગ કરી સ્વચ્છ, હરિયાળું અને આરોગ્યપ્રદ નવસારીના નિર્માણમાં સહભાગી બનવા માટે NMC દ્વારા જનજાગૃતિ અભિયાનને વધુ વેગ આપવામાં આવી રહ્યો છે.

# વલવાડામાંથી દારૂ ભરેલું ડમ્પર ઝડપાયું

**દારૂ** સેલવાસથી સુરત લઈ જવાતો હતો, ડ્રાઇવર ક્લીનરની ધરપકડ

ઉમરગામ : એલસીબી પોલીસે ભીલાડ નજીક વલવાડામાંથી દારૂ ભરેલું ડમ્પર ઝડપી પાડી રૂપિયા 12.17 લાખનો દારૂનો જથ્થો કબજે કર્યો છે. દારૂ સેલવાસથી સુરત લઈ જવાતો હતો. ડ્રાઈવર ક્લીનરની ધરપકડ કરી છે. જ્યારે ડમ્પર આપનાર અને દારૂનો જથ્થો મંગાવનાર બે શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

વલસાડ એલસીબી પોલીસ શુક્રવારે રાત્રે ભીલાડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે વખતે મળેલી બાતમીના આધારે ભીલાડ નજીક વલવાડા ઓવરબ્રિજ પાસેથી એક ટાટા હાઈવા ડમ્પર નં. ડી.એન.09-યુ-9095 ને અટકાવી તપાસ કરતા ડમ્પરમાંથી બિયર વિસ્કી વોડકાના બોક્સ કિંમત રૂપિયા 12,17,856 નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ડમ્પરના ચાલક પ્રકાશચંદ્ર માંગીલાલ ઢોલી અને લક્ષ્મણલાલ ઉર્ફે લકી શ્રવણકુમાર ઢોલી (રહે ગામ કલ્યાણપુરા, પોસ્ટ મૂંગાણા તાલુકા કપાસન જિલ્લા ચિતોડગઢ રાજસ્થાન)ની અટક કરી હતી અને ડમ્પર આપનાર પ્રદીપ હરિસિંહ સોલંકી અને જથ્થો મંગાવનાર અશોક કેસરીલાલ માલીને વોન્ટેડ જાહેર કર્યા હતા. દારૂનો જથ્થો સેલવાસથી ભરીને સુરત તરફ લઈ જવામાં આવી રહ્યો હતો. પોલીસે 15 લાખની કિંમતનું ડમ્પર મોબાઈલ પર મળી કુલ રૂપિયા 27,28,356 નો મુદ્દામાલ કબ્જે લઈ આ બનાવ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
**ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ઘંઘાકીય**

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**લાઈફ હિંચકાના કડાં,**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**મિલ્કત વેચવાની છે**

**વેચવાનું છે.**
37 લાખમાં કબજા રસીદવાળું ગ્રાઉન્ડ સાથે એક માળવાળું નવું મકાન બાંધકામ સાઈઝ 12 X 38 બમરોલી રોડ બેંક ઓફ બરોડાની સામે વેલકમ પાન સર્કલ રોડથી નજીક સુરત. મોબાઈલ- 9274429138 (646)

**નવસારીમાં ફ્લેટ**
વેચવાનો છે. 3 BHK ફર્નીચર સાથે તીઘરા, દેવીના પાર્ક સોસાયતી પ્રિન્સ એવન્યુ બી માં ૪થે માળે 9173428844

**પ્લોટ વેચવાનો છે.**
પ્લોટ નંબર 70, 192 વાર, રીયલ રેસીડેન્સી, સાઈબાબા મંદિર પાછળ, સરોલી. 8469947500

**PRESIDENT PEST CONROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**3/ 4 BHK ફ્લેટ**
વેચવાનો. નવું બાંધકામ. પાલ. 9909601200

**રોહાઉસ વેચવાનું છે.**
પાલ. (નવું બાંધકામ) 9909601200

**પ્લોટ વેચવાનો છે.**
પાલ. 9909601200

**વેચવાનું છે**
કોર્નર રોહાઉસ 236 ચો. વાર, 3 કાર પાર્કિંગ, 3 બેડરૂમ, હોલ, કીચન + સ્ટોર, સોલાર, ફુલ્લી ફરનીશ મહાલક્ષ્મી મંદિર પાસે, આનંદમહેલ રોડ, અડાજણ. 9426807658 (673)

**2 BHK**
1250 Sq.ft ફર્નિશ ફ્લેટ વેચવાનો છે આનંદમહલ રોડ ટચ. 9825233236

**ઓફિસ વેચવાની છે**
CA, વકીલ, શેરબજાર, આર્કેટેક બે લીફ્ટ, ડબલ બેઝમેન્ટ પાર્કીંગ પાર્લે પોઈન્ટ 98792760763 (678)

**વેસુમાં ફ્લેટ**
વેચવાનો છે રાજહંસ સિમ્ફોનિયામાં 3 બેડરૂમ 9879276073 (679)

**વાહન લે-વેચ**

**ટેમ્પો જોઈએ છે**
ફોરવીલ/ થ્રીવ્હીલ પ્રખ્યાત ઓઈલ કંપનીની પ્રોડક્ટની ડિલિવરી માટે અતુલ શક્તિ/ છોટે હાથી ફિક્સ ભાડામાં ( સુરત તેમજ આજુબાજુના વિસ્તારના જાણકાર) રૂબરૂ મળો: બ્લૉક નંબર ૧૫ એ પ્લોટ નંબર ૧૩ આરોગ્ય ભવનની સામે ઉધના રોડ નંબર -૯ ઉધના mo: 9327939101 (668)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**હિમાલયા હોલીડે**
સ્નોફ્લોની મજા માણવા ફેબ્રુઆરીમા કાશ્મીર mo: 9427803273 / 9825142005 (669)

**Date- 22/12,**
ખાટુંશ્યામ, ગોકુલ, મથુરા. રૂપિયા- 6500/. Mobile: 9913164330

**સાગર 9427113317**
નાતાલની રજામાં સોમનાથ, દ્વારકા, સારંગપુર, દિવસ ત્રણ, મહાકાલેશ્વર, ઉજ્જૈન, ઓમકારેશ્વર,

**૨ દુકાન વેચવાની છે**
સફલ સ્કવેર, વેસુ માં ગ્રાઉન્ડ ફલોરની ૨ દુકાન વેચવાની છે
સંપર્ક: 8849529425

**મિલ્કત ભાડે -વેચાણ**

**ભાડે વેચાણ**
આપવાનુ છે ઉધના સંઘ બી. આર. સી પ્લોટ શેડ વેર હાઉસ શોરૂમ ૭૦૦૦ વાર ૩૦૦૦ વાર ૧૦૦૦ વાર ૬૦૦ વાર પ્લોટ ૨૫૦૦૦ ફૂટ શેડ ૧૫૦૦૦ ફૂટ ૫૦૦૦ ફૂટ ભાડાની આવક પ્રોપટી 8200006737 (j)

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**મિલ્કત ભાડેથી**

**ડુમસમાં SNS**
મરીનામાં 2 BHK ફુલ્લી ફર્નિશ ફ્લેટ ભાડે આપવાના છે. કોન્ટેક્ટ- 7043411765, 9825466765

ભાવ એવો કે વિશ્વાસ નઈ થાય
**૧૦૪ વાર, ૧૨૫ વારના ઓપન પ્લોટ**
ગૌરવ પથ રોડ પર વેચવાના છે
પાલ-ઉમરા બ્રિજની નજીક પાલમાં ફાયદાના ભાવમાં
નવુ 2/3 BHK ફ્લેટ વેચવના છે.
**7984818024**

**સચિન હોજીવાલા**
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનૂ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો.. 9924441820

**ભાડે જોઈએ છે**
બંગલો, રોહાઉસ અથવા પાકું મકાન, ઉમરા, પીપલોદ, ઘોડદોડ રોડ, ચાયના ગેટ , ઉધના મગદલ્લા ગાંધીકુટિરથી ચંદ્રમણી સોસાયટી, રૂસ્તમપુરા વિસ્તારમાં 3 બેડરૂમ અને પાર્કીંગ સાથે, કોન્ટેક્ટ: કિરીટભાઈ 7227010525 (666)

**વી.આર મોલની સામે**
સુમન સાગરમાં ફ્લેટ ભાડે આપવાનો છે કોન્ટેક્ટ- 7043411765, 9825466765

**મેઇન રોડ ટચ**
તૈયાર દુકાન ભાડે આપવાની છે પાર્લર હેર કટીંગ સલૂન લાયક જાની ફરસાણની બાજુમાં પાર્લેપોઈન્ટ કોન્ટેક્ટ- 7043411765, 9825466765

**ઓફિસ/ રેસ્ટોરન્ટ**
લાયક દુકાન ભાડે આપવાની છે મેઈન રોડ ટચ પીપલોદ કોન્ટેક્ટ- 7043411765, 9825466765

**નોકરી વિષયક**

**વોક ઈન ઈન્ટરવ્યુ**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી NACP-V પ્રોગ્રામ અંતર્ગત ચાલતી સંસ્થા એકતા મહિલા મંડળ સુરત દ્વારા કાર્યરત પ્રોજેક્ટ માટે હંગામી ધોરણે ભરતી કરવાની છે. પોસ્ટ- આઉટરીસ વર્કર- 1 લાયકાત- ગ્રેજ્યુએટ. પગાર- 10500 + T.A ઈન્ટરવ્યુની તારીખ- 19/12/25 સમય સવારે 11:00 કલાકે નીચે દર્શાવેલ સ્થળે ઈન્ટવ્યું રાખવામાં આવેલ છે. એડ્રેસ- એકતા મહિલા મંડળ- 2/4387 ઈચ્છા મહિલા શેરી, જૂની મહાવીર હોસ્પિટલની બાજુમા, સગરામપુરા સુરત. મો: 9898225782

**વોક ઈન ઈન્ટરવ્યુ**
(GSACS સંચાલિત) એકતા મહિલા મંડળ- LWS તાપી લીંક વર્કર પ્રોજેક્ટ માટે જોઈએ છે. પોસ્ટ- (1) ઝોનલ સુપર વાઈઝર- 1 (ઉચ્છલ બ્લોક) લાયકાત - M.S.W/ પગાર- 10500 + T.A 2000 (2) કલસ્ટર લિંક વર્કર- 1 (નિઝર બ્લોક) લાયકાત- 12 પાસ / ગ્રેજ્યુએટ, પગાર- 6050+ T.A. 2400 (ઉચ્છલ અને નિઝર તાલુકા માટે પ્રતિક્ષા યાદી) ઓપન ઈન્ટરવ્યુ તારીખ:- 23/12/25 સમય: 10:00 કલાકે, સ્થળ:- પ્લોટ નં:- 2 જલ દર્શન સોસાયટી માણેકપુર ઉચ્છલ નિઝર રોડ, ઉચ્છલ જી- તાપી મો:- 9773464537

**હોટેલ માટે સ્ટાફ**
જોઈએ છે પાર્ટ ટાઈમ- ફુલ ટાઈમ/ ભાઈઓ- બહેનો પરચુરણકામ/ સફાઈકામ માટે રીસેપ્શાન માટે કોમ્પ્યુટર ચલાવી શકે તેવા રહેવા જમવાની સગવડ મળી જશે. સંપર્ક: 9898056756 (667)

**કતારગામમાં**
સોમનાથ પાવભાજીના મસાલા માટે, અનુભવી સેલ્સમેન જોઈએ છે. MO: 9825272490

**એક વ્યકિતની રસોઈ**
માટે બહેન સગરામપરા સુરતમા જોઈએ છે 8849938284 (672)

**જોઈએ છે**
વેલ્ડર, ફીટર, સ્ટોરકીપર, વાયરમેન (ફ્રેશર) ગાયત્રી એન્જીનીયર્સ, દેલાડ, સાયણ. 8734813000 (682)

**રસોઈયા ભાઈ કે બહેન**
જોઈએ છે આખો દિવસ ઘર માટે એરિયા સીટીલાઈટ MO:- 7405279167

**ઓપન ઈન્ટરવ્યુ**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અનુદાનિત લોકસમર્પણ ટ્રસ્ટ સુરતમાં ચાલતા સંપુર્ણ સુરક્ષા કેન્દ્રમાં આઉટરીચ વર્કરની ફિક્સ પગારથી ભરતી નીચે દર્શાવેલ સ્થળે ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે. પોસ્ટ આઉટરીચ વર્કર- ૧ (૧૨ પાસ) પગાર ૧૦,૫૦૦/- ઈન્ટરવ્યુ તારીખ- ૧૮/૧૨/૨૦૨૫ સમય ૧૧ થી ૧ ઈન્ટરવ્યુ સ્થળ- લોક સમર્પણ રક્તદાન કેન્દ્ર, મીરા નગર, મીની બજાર, સુરત મો- નંબર- ૯૯૨૫૩૩૧૮૮૪ (677)

**ઓફિસ વર્ક**
અને એકાઉન્ટિંગ માટે સ્માર્ટ ફિમેલ (મેરીડ) જોઈએ છે. અડાજણ 9825704800

**પેટ્રોલ પંપ પર**
કામ કરવા માટે છોકરાઓ / છોકરીઓ જોઈએ છે ગજાનન પેટ્રોલિયમ, કતારગામ, સુરત. મો. 9157675490, 7041801379 (674)

**લગ્ન વિષયક**

**સુરત રહેતી**
37 વર્ષની કોળી પટેલ ડોક્ટર યુવતી માટે વેલ Educated યુવક આવકાર્ય 9512318416

**દિત્યા મેરેજ બ્યુરો**
ઉચ્ચ જ્ઞાતિના યુવક- યુવતીઓ માટે જીવનસાથીની પસંદગી માટે મળો. હીનાબેન ચોકસી મો. નં 7990156159 (675)

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.